सत्यमेव जयते

| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૯ | ૦૩ | ૨૦૨૬ |
| નોંધ્યા તારીખ | ૦૯ | ૦૩ | ૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૧૩ | ૦૩ | ૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૪ |

**મે. ચોથા એડિશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની અદાલતમાં ગાંધીધામ–કચ્છ.**

**ફોજદારી પરચુરણ અરજી નં. ૧૭૫/૨૦૨૬**

**આંક :**

અરજદાર : – **સુજીતકુમાર અખીલેશ વર્મા**

રહે. મચ્છુનગર, તા.ગાંધીધામ–કચ્છ.

મુળ રહે. બરૂણપા પોસ્ટ, ખજુરીથાના,

જી.નોબતપુર, પટના.

(હાલે: જયુ.કસ્ટડીમાં)

**વિરૂધ્ધ**

સામાવાળા : – **શ્રી સરકાર.**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી ઝેડ.બી.મહેશ્વરી**

**સામાવાળા– સરકાર તર્ફે વિ.એ.પી.પી.સુશ્રી એચ.પી.ગઢવી**

**બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે ૩૦ દિવસના વચગાળાના જામીન મેળવવા બાબત અરજી.**

**–: હ રા વ :–**

(૧) અરજી તથા સાથે રજૂ કરેલ દસ્તાવેજો વંચાણે લીધા. અરજદાર તરફે વિ.વ.શ્રી ઝેડ.બી.મહેશ્વરીની દલીલો સાંભળી, તથા સામાવાળા/સરકારશ્રી તર્ફે વિ.એ.પી.પી.સુશ્રી એચ.પી.ગઢવીની દલીલો સાંભળી. આ કામે અરજી તથા તેની સાથે રજૂ કરવામાં આવેલ દસ્તાવેજો તથા ત.ક.અ.શ્રીનું એફડેવીટ લક્ષમાં લીધેલ.

(૨) અરજદાર/આરોપીની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદાર/ આરોપી ગાંધીધામ ''બી'' ડીવી. પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૯૯૩૦૦૭૨૩ ૦૨૯૭/૨૩ ના કામે બી.એન.એસ.ની કલમ–૩૬૩,૩૬૬,૩૭૬(૨) (એન),૩૭૬(૩) તથા પોકસો એકટની કલમ–૪,૬ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(ડબલ્યુ)(૧)(૨), ૩(૨)(૫), ૩(૨) (૫–એ) મુજબના ગુના સબબ જયુડિશિયલ કસ્ટડીમાં હોઈ, બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ દિન–૩૦ ના વચાગાળાના જામીન મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

(૩) અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી ઝેડ.બી.મહેશ્વરી નાઓએ દલીલ કરતાં જણાવેલ છે કે, આરોપીની પત્નીનું ગર્ભાશયનું ઓપરેશન થયેલ

છે, તેના કાગળો સામેલ રાખેલ છે. જેથી તેમની પત્નીની સારસંભાળ રાખી શકે તેમજ તેમના પરીવારની નાણાંની વ્યવસ્થા કરવા માટે અરજદારને દિન–૩૦ ના વચગાળાના (TEMPORARY) જામીન ઉપર મુકત કરવા માટે અરજ કરેલ છે.

(૪) સામાવાળા/સરકારશ્રી તર્ફે વિ.એ.પી.પી.સુશ્રી એચ.પી.ગઢવી નાઓએ દલીલ કરતા જણાવેલ છે કે, આરોપીની પત્નીનું ઓપરેશન થઈ ગયેલ છે. આરોપીના ઘરના બીજા સભ્યો છે, આરોપીના જવાથી કોઈ ફરક પડશે નહીં. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, આરોપી વિરુધ્ધ પોકસો એકટનો ગંભીર ગુનો છે. સદર કેસ પુરો થવાના તબકકે છે. હવે ફકત તપાસ કરનાર અમલદારની જુબાની બાકી છે. અરજદાર/આરોપીએ જામીન અરજીમાં જે કારણ જણાવેલ છે તે ટકવાપાત્ર ન હોઈ, અરજદારની વચગાળાની અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૫) બન્ને પક્ષકારો તરફેની રજુઆત, અરજદાર/આરોપી સામેનો આક્ષેપીત ગુનો તેમજ કેસનું રેકર્ડ ધ્યાને લીધું. અરજદાર/આરોપી વિરુધ્ધ ગાંધીધામ ''બી'' ડીવી. પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૯૯૩૦૦૭૨૩ ૦૨૯૭/૨૩ ના કામે બી.એન.એસ.ની કલમ–૩૬૩,૩૬૬,૩૭૬(૨) (એન),૩૭૬(૩) તથા પોકસો એકટની કલમ–૪,૬ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(ડબલ્યુ)(૧)(૨), ૩(૨)(૫), ૩(૨) (૫–એ) મુજબના ગુનાનો આક્ષેપ છે. સદર કામ સ્પે.પોકસો કેસ નં. ૭/૨૩ થી પેન્ડીંગ છે. સદર કેસ હાલ ફરીયાદપક્ષના પુરાવાના તબકકે

છે. અરજદારની રજુઆત મુજબ તેમના પત્નીનું ઓપરેશન થયેલ હોય તેઓની સારસંભાળ રાખી શકે અને તેમના પરીવારની નાણાંની વ્યવસ્થા કરવા માટે હાલની વચગાળાના જામીન મેળવવા અરજી કરેલ છે. સદર હકીકત લક્ષમાં લેતા, અરજદારના ઘરના સભ્યો અને સગા–સબંધીઓ અરજદારની ગેરહાજરીમાં તેમની પત્નીની સારસંભાળ રાખી શકે છે તેમજ અરજદારના સગા સબંધીઓ અને મિત્રો અરજદારની ગેરહાજરીમાં તેમના પરીવારની આર્થિક રીતે મદદ કરી શકે તેમ છે. જેથી, અરજદાર તરફે વચગાળાના જામીન ઉપર મુકત થવા માટે જે કારણ જણાવેલ છે તે હાલના તબકકે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. જેથી, સદર તમામ હકીકતો અને કારણો લક્ષમાં લેતાં, અરજદારને વચગાળાના (TEMPORARY) જામીન ઉપર મુકત કરવા અંગેના કોઈ યોગ્ય અને સબળ કારણો જણાઈ આવતા નથી. આમ, ઉપરોકત ચર્ચા કરી તે અનુસાર હાલના કેસમાં અત્રેની અદાલતને પ્રાપ્ત થયેલ વિવેકબુધ્ધિની સતાનો ઉપયોગ આરોપીની તરફેણમાં કરવાનું ન્યાયોચિત જણાતું ન હોઈ, હાલની જામીન અરજી નામંજુર કરતા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –: આખરી હુકમ :–

અરજદાર/આરોપી સુજીતકુમાર અખીલેશ વર્મા નાઓની ગાંધીધામ ''બી'' ડીવી. પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૯૯૩૦૦૭૨૩૦૨૯૭/ ૨૩ ના કામે બી.એન.એસ.ની કલમ–૩૬૩,૩૬૬,૩૭૬(૨) (એન), ૩૭૬(૩) તથા પોકસો એકટની કલમ–૪,૬ તથા એટ્રોસીટી એકટની

કલમ–૩(૧)(ડબલ્યુ)(૧)(૨), ૩(૨)(૫), ૩(૨) (૫–એ) મુજબના ગુનાના કામે ૩૦ દિવસ માટે વચગાળાના (TEMPORARY) જામીન ઉપર મુકત થવા માટે કરવામાં આવેલ હાલની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

ચુકાદો આજ રોજ તા.૧૩મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ગાંધીધામ મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

ગાંધીધામ–કચ્છ.
તા.૧૩–૦૩–૨૦૨૬

(એ.એમ. મેમન)
ચોથા એડીશનલ સેશન્સ જજ
ગાંધીધામ–કચ્છ.
(જજ કોડ નં.જીજ૦૦૬૭૪)